ફો. કેસ નં. ૯૫૦૬૧/૨૦૧૮

**ફરીયાદીઃ એસ. કે. ઓટો ફાયનાન્સ**

**વિ.**

**આરોપીઃ જોરુભા માનસંગ ઝાલા**

**<u>– આંક–૧ લગત હુકમ –</u>**

૧. ફરીયાદી દ્ધારા ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબની પ્રાઈવેટ ફરીયાદ અત્રેની અદાલતમાં રજુ કરવામાં આવેલ.

૨. સદર કામે ફરીયાદી તથા તેમનાં વિદ્ધાન વકીલશ્રી દ્ધારા હાલની ફરીયાદ આગળ ચલાવવા માંગતાં ન હોવાની રજુઆત કરેલ છે તેમજ હાલની ફરીયાદ બિનશરતી વિડ્રો કરવા માંગતાં હોવાની પુરસીસ રજુ કરેલ છે તેમજ ક્રિ.પ્રો.કોડની કલમ ૨૫૭ને ધ્યાને લેતાં હાલના કામે ફરીયાદી તથા આરોપી વચ્ચે કોર્ટ બહાર સમાધાન થઈ ગયેલ હોઈ, ધિ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની જોગવાઈ મુજબ હાલની ફરીયાદ માંડવાળ થવાને પાત્ર હોઈ, હાલની ફરીયાદ વિડ્રો કરવા ફરીયાદીને પરવાનગી આપવામાં આવે છે. હાલનો કેસ વિડ્રોથી ફેંસલ કરવામાં આવે છે અને આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

ફરીયાદી તરફે રજુ કરવામાં આવેલ વિથ–ડ્રો પુરસીસ અન્વયે સદર કેસનો નિકાલ (ડિસ્પોસ્ડ) કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા. ૧૪મી, માહે ડિસેમ્બર, સને ૨૦૧૯ ના રોજ લોક–અદાલતના દિવસે વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ ૧૪/૧૨/૨૦૧૯

મુકામઃ અમદાવાદ

(એસ. આઈ. પટેલ)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ,
ને.ઈ.એ. કોર્ટ નં. ૨૮,અમદાવાદ
કોડ નં. જીજે ૦૧૦૯૬